# સ્વાઈન ફલુ વકર્યા પછી નવા સામૂહિક આરોગ્ય અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો શરૂ કરાશે

ઈસરી, તા. ૧૨

સ્વાઈન ફલુ ચારે બાજુ વકર્યો છે. ઠેર ઠેર પથારીએ લોકો જીવન મરણ વચ્ચે ઝોલા ખાય છે. દવાઓ-સારવાર-સગવડના અભાવે રોગ કાબુમાં નથી આવતો.

જો કે આરોગ્ય કેન્દ્રનો સ્ટાફ મોટા શહેરોમાં ખડે પગે હશે જ પરંતુ આગ લાગે ત્યારે જ કૂવો ખોદવો તે કેટલુ યોગ્ય ગણાય. રાજયના આરોગ્યમંત્રીએ નવા સામુહિક આરોગ્ય કેન્દ્રો ૨૫ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૬૦ તાત્કાલિક મંજૂર કર્યા ખર્ચની રકમ રૂ. ૧૫૦ કરોડ મંજૂર કર્યા. ૧૧૦૦ પથારીઓમાં વધારો અને ૬૭૫ કર્મચારીઓની ભરતી થશે. તથા સામુહિક આરોગ્ય કેન્દ્ર માટે ઓપરેશન થીયેટર એક્સરે, એમ્બ્યુલન્સ વાન, ૩૦ પથારી વધતાં ૭૫૦ પથારીનો સમાવેશ તાત્કાલિક મંજૂર થતાં સર્વત્ર આનંદ થયો છે.

પરંતુ નવાઈની વાત તો એ છે કે નવા આરોગ્ય કેન્દ્રો એક બે વર્ષે બનશે અને સ્ટાફ આવશે પરંતુ ગ્રામીણ વિસ્તાર સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રા.આ. કેન્દ્રમાં નથી ડૉક્ટર કે નથી લેબોરેટરી, નથી ટેકનીશ્યન કે નથી ફાર્માસીસ્ટ, નથી ગાડી કે નથી ડ્રાયવર. સ્વચ્છતા ઝુંબેશ ચાલે છે પરંતુ આરોગ્ય કેન્દ્રમાં તો સફાઈ કામદાર પણ નથી આરોગ્ય કેન્દ્રો ખૂબ જ ઓછો સમય ચાલે છે. દવાઓની મુદત પુરી થઈ જાય છે છતા દવાઓ વપરાતી નથી.

દર્દીઓને ખબર નથી હોતી કે ગામમાં દવાખાનુ ચાલુ છે. ડૉક્ટર છે જેથી જનતા ખાનગી દવાખાનામાં જાય છે. પહેલા જૂના દવાખાનામાં પૂરતો સ્ટાફ ભરો તેવી લોકોમાં માંગ છે. નિયમિત દવાખાના ચાલે પછી નવા દવાખાના શરૂ થાય જે આનંદની વાત ગમાય, પાછળનું ભુલવુ અને આગળનુ નવુ ગણવુ જે યોગ્ય નથી માટે તમામ દવાખાના અપટુડેટ થવા હિતાવહ છે તેવુ જનતામાં ચર્ચાઈ રહ્યું છે.

# મોડાસામાં લારી-ગલ્લા હટાવાયા

## અરવલ્લી જિલ્લામાં દબાણ હટાવો ઝૂંબેશ : પાકી દુકાનો છોડી નાના ફેરીયાવાળાને હટાવાયા : લારી ગલ્લાવાળાઓએ નગરપાલિકાને રજૂઆત કરી



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં નાના-નાના લારી ગલ્લાવાળાને નગરપાલિકા દ્વારા હટાવાતા મોડાસા વેપારીઓએ નગરપાલિકા પ્રમુખને રજૂઆત કરી અને નાના વેપારીઓને નવી જગ્યા આપવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

મોડાસા શહેર ગમે તે રીતે ચર્ચામાં રહ્યા કરે છે ત્યારે આજ રોજ મોડાસાના વેપારીઓએ નગરપાલિકાના પ્રમુખને મળવા માટે ગયા હતા કારણ કે તેમને જે જગ્યાએ વરસોથી પેટીયુ રડે છે તે જગ્યાથી હટાવાતા તેમના ધંધા રોજગાર બંધ થઈ ગયા છે અને તેમના પરિવાર રોડ ઉપર આવી જાય તેવી સ્થિતિ ઉભી થઈ છે. જેના કારણે મોડાસા વોર્ડ નંબર ૫-૬ ના કોર્પોરેટર સાથે લઈ ધારદાર રજૂઆત કરી હતી અને વેપારીએ પ્રમુખને હાલ આગળ હોળીનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે તેમને તે જગ્યાથી હટાવાય નહી અને ધંધો કરવા દેવો તેવી રજૂઆત કરી હતી.

વેપારીઓ જણાવે છે કે નગરપાલિકા દ્વારા અમુક લોકોને ચોક્કસ ટાર્ગેટ બનાવાયા છે અને માત્ર ચાર રસ્તાવાળા લારી ગલ્લા જ કેમ અન્ય વિસ્તારમાંથી નહી અને પાકી દુકાનો વાળા શુ દબાણો નથી કરતા ? તો ચોક્કસપણે પહેલા પાકા દબાણ દૂર કરાય તો નાના-નાના દબાણ તો આપોઆપ દુર થઈ જશે. અને હાલ પુરતુ તો તહેવારો નજદીક હોવાને કારણે આ કામગીરી બંધ રાખવી જોઈએ નહી તો વેપારીને ઝેર ખાવાનો વારો આવશે.

પ્રમુખ ગાણા ગાય છે કે નગરપાલિકાના સ્વચ્છતાના અભિયાનરૂપે લારી - ગલ્લા હટાવાયા છે જે લારી - ગલ્લા ટાઉનહોલ પાસે છે તેમને માલપુર રોડ ઉપર જગ્યા આપવામાં આવશે અને નવજીવન ચોકના લારી - ગલ્લા પોલીસ સ્ટેશન પાછળ જગ્યા આપવામાં આવશે.

# મેઢાસણ ગામે કુતરાઓએ રાષ્ટ્રીય પક્ષીને ફાડી ખાધું

## મોરની અંતિમ વિધિ નાના ભૂલકાંઓએ કરી



(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા તાલુકાના મેઢાસણ ગામની સીમમાં બુધવારના રોજ કુતરાના ટોળાએ રાષ્ટ્રીય પક્ષી મોર પર હુમલો કરી ગંભીર રીતે ઘાયલ કર્યો હતો ત્યારે બાજુના ખેતરમાં રમતા નાના ભુલકાઓની નજર સામે મોત સામે ઝઝુમતા મોર પર પડતા તેમણે કુતરાઓના હુમલાથી મોરને બચાવવા માટે પ્રયત્નો કર્યા હતા પરંતુ કમનસીબે મોર તરફડીયા મારી મૃત પામ્યો હતો. બાળકોનું આ જોઈ દિલ દ્રવી ઉઠયું હતું અને તેઓએ રાષ્ટ્રીય પક્ષીનું પુરા સન્માન સાથે અંતિમ વિધિ કરવાનું નક્કી કર્યુ હતું. આ માટે બધા નાના બાળકોએ ભેગા મળીને પોતાની બચત ભંડોળમાં ભેગા કરેલા રૂપિયામાંથી જરુરી સામગ્રી લાવી જમીન પર ખાડો ખોદીને પુરા સન્માન અને આદર સાથે રાષ્ટ્રીય પક્ષીની દફનવિધિ કરી હતી. આ વાતની જાણ ગ્રામજનો તેમજ શાળા પરિવારને થતા સૌએ આ બાળકોને અભિનંદન પાઠવ્યા હતા. આમ નાની ઉંમરના બાળકોનો પક્ષી માટેનો પ્રેમ અને રાષ્ટ્ર માટેનો આદર આજના સમયમાં ખૂબ મોટો સંદેશ આપે છે.

# ખેડબ્રહ્માના ગાડુ ગામની મહિલાને સ્વાઈન ફલુ

## આરોગ્ય વિભાગની ટીમે ગામમાં સર્વે હાથ ધર્યો

ખેડબ્રહ્મા, તા. ૧૨

ખેડબ્રહ્મા તાલુકાના ગાડુ ગામની ૬૫ વર્ષની મહિલા સ્વાઈન ફલુની ઝપટમાં આવતા અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. ગુરૂવાર સવારથી જ આરોગ્ય વિભાગની ટીમ ગાડુ ગામમાં ઉતારવામાં આવી હતી અને ગામમાં સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. ગામમાં અન્ય કોઈને સ્વાઈનફલુના લક્ષણો ન હોવાનું આરોગ્ય તંત્રએ જણાવ્યું હતું.

ખેડબ્રહ્મા તાલુકાના ગાડુ ગામની ૬૫ વર્ષની આધેડ મહિલા માંદગીમાં સપડાઈ હતી જેથી સારવાર માટે ઈડર ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં આ મહિલાને સ્વાઈનફલુનાં લક્ષણો જણાતાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. જ્યાં બુધવારે સ્વાઈન ફલુનો પોઝીટીવ રિપોર્ટ આવ્યો હતો.

આ મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ આવતાં ારોગ્ય વિભાગની ટીમ દ્વારા ગુરૂવારે ગામમાં ધામા નાખી સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. તેવુ ટીએચઓ કિશોરસિંહ ભાટીએ જણાવ્યું હતું.

# બાયડના ડેમાઈ પાસેથી કતલખાને લઈ જવાતા ૧૧ પશુઓ ઝડપાયા

બાયડ, તા. ૧૨

અરવલ્લી જિલ્લના બાયડ તાલુકાના ડેમાઈ ગામ પાસે ડેમાઈ આઉટ પોલિસ સ્ટેશનના પોલિસ સ્ટાફે પેટ્રોલિંગ દરમિયાન ગેરકાયદેસર પશુઓને કતલખાને લઈ જતા ટ્રકને ઝડપી લઈ પશુઓને બચાવી પાંજરાપોળમાં મોકલી આપવાની તજવીજ હાથ ધરી હતી.

બાયડ તાલુકાના ડેમાઈ ગામ પાસેથી પસાર થઈ રહેલા ટ્રક (નં. જીજે૧૨ એસ. ૧૦૧૧)માં ગેરકાયદેસર રીતે ૧૧ બળદોને કતલખાને લઈ જતા પ્રજાજનોની જાગૃતતાના કારણે ઝડપી પાડવામાં આવ્યા હતા. ડેમાઈ ગામ પાસેથી ટ્રકમાં ગેરકાયદેસર ૧૧ પશુઓને ટ્રકમાં ભરી ક્રુરતાપૂર્વક ઘાસચારા કે પાણીની વ્યવસ્થા કર્યા વગર પશુઓને અત્યંત દયનીય રીતે ટુંકા દોરડાઓથી બાંધી તેમજ હલનચલન કરી ન શકે તેવી રીતે પશુઓના પગો બાંધી ખીચોખીચ મરણતોલ હાલતમાં બાંધી કતલખાને ગેરકાયદેસર લઈ જતા આરોપી રાહુલકુમાર ઉર્ફે દામજી વાળંદ (રહે. ધનસુરા શકિતનગર હાલ રહે. જેલસપર (તા. ભુજ જી. કચ્છ) લઈ જતા ઝડપાઈ ગયા હતા જેમાં ૧૧ બળદોની કિંમત રૂ. ૨૨૭૦૦૦ અને ટ્રકની કિંમત રૂ. ૪,૦૦,૦૦૦ મળી કુલ ૬,૨૭,૦૦૦નો મુદ્દામાલ જપ્ત લઈ આ રીતે ગેરકાયદેસર અબોલ પશુઓને કતલખાને લઈ જતા આરોપીની ધરપકડ કરી બાયડ પોલિસ સ્ટેશનમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઊંઝા તાલુકામાં ગુનાખોરીનું પ્રમાણ વધતા પ્રજામાં ચિંતાનો માહોલ

ઊંઝા, તા. ૧૨

વેપાર ક્ષેત્રે મહત્વનું સ્થાન ધરાવતા અને યાત્રાધામ ઊંઝા શહેર સહિત તાલુકાના કેટલાક ગામોમાં પોલીસની નિષ્ક્રિયતાને કારણે ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ વધી જતાં તેમજ અસામાજીક બદીઓની વણઝારને લીધે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે જવાથી લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી જન્મી છે.

ઊંઝા શહેર, યાત્રાસ્થળ તેમજ તાલુકાના કેટલાક ગામોમાં છેલ્લા ઘણા વખતથી ગુનાઓનું પ્રમાણ વધી ગયું છે. આ સામે સમાજ વિરોધી પ્રવૃત્તિઓનો વ્યાપ વધી ગયેલ છે. ઊંઝા પોલીસ સ્ટેશનની હદમાં મિલકત વિરૂદ્ધના તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓ તેમજ દેશી વિદેશી દારૂ, વરલી મટકા, પત્તા-પાનાના જુગારના અડ્ડાઓ, ક્રિકેટમેચ આધારિત સટ્ટો, અનૈતિક પ્રવૃત્તિઓ, કેફી પદાર્થોનું વેચાણ જેવી અસામાજીક બદીઓ વધી જવા પામી છે. સ્થાનિક પોલીસ મથકે નોંધાયેલ મિલકતવિરૂદ્ધના તથા અન્ય કેટલાક ગંભીર પ્રકારના ગુનાઓ પૈકી મોટા ભઆગના ગુનાઓના ભેદ આજદિન સુધી વણઉકેલાયેલા રહ્યા છે. ગાંધીજીના ગુજરાતમાં ભલે દારૂબંધી છે પરંતુ આ વિસ્તારમાં દારૂબંધીની નીતિનું ક્રૂર છેદન થઈ રહ્યું છે.

બીજુ ઊંઝા પોલીસમથકમાં ભ્રષ્ટ્રાચારનું પ્રમાણ વધુ ગયું હોવાના આક્ષેપો પ્રજામાં થઈ રહ્યા છે. સત્તા મળી છે તો નાણાં મેળવી લો. પ્રજાનું જે થવાનું હોય તે થાય તેવી નીતિ અત્રે રાખવામાં આવી છે. તેવું આમ જનતામાં બોલાય છે. સ્થાનિક પોલીસ મથકે નાગરિકોની ફરિયાદો નોંધવામાં, નોંધાવેલ ગુનાની માહિતી જાહેર કરવામાં, ગુનાની તપાસમાં થયેલ પ્રગતિ વિશે અખાડા થતા હોવાનું કહેવાય છે. વેપાર, શિક્ષણ અને આર્થિક રીતે સદ્ધર ગણાતા ઊંઝા શહેરમાં ગુનાખોરીનો આંક વધતા શહેરને બટ્ટો લાગી રહ્યો છે. ત્યારે રાજ્યના વરિષ્ઠ પોલીસ સત્તાધિશોએ સત્વરે આ વિસ્તારમાં ખાડે ગયેલ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને સુધારવા માટે સ્થાનિક પોલીસતંત્રમાં ધરમૂળથી ફેરફારો કરવા જોઈએ તેવુ લોકો ઈચ્છી રહ્યા છે.

# ઊંઝામાં સવા ત્રણ લાખની જીરૂની બોરીઓ ચોરાઈ

ઊંઝા, તા. ૧૨

ઊંઝા વિસ્તારમાં આવેલ ફેક્ટરીઓ તેમજ ગોડાઉનોમાંથી વિવિધ માલોની ઉઠાંતરીના કિસ્સાઓ દિનપ્રતિદિન વધી રહ્યા છે. સ્થાનિક પોલીસની નિષ્ક્રિયતાને કારણે છેલ્લા ઘણા વખતથી અત્રે તસ્કરોને મોકળુ મેદાન મળી ગયેલ છે. ઊંઝા ખાતે વિસનગર રોડ પર આવેલ એક ફેક્ટરીમાંથી રાતના સમયે કોઈ તસ્કરો અંદાજે રૂપિયા સવા ત્રણ લાખની કિંમતની જીરૂ ભરેલ ૪૫ બોરીઓની ચોરી કરી ગયા હોવાનો બનાવ બનેલ છે. અત્રે વિસનગર રોડ ગાયત્રી મગજ તડબૂચ નામની ફેક્ટરી આવેલ છે. જે ફેક્ટરીમાં મધરાત બાદ તસ્કરો ત્રાટક્યા હતા. તસ્કરોએ ગોડાઉનનુ પાછળના ભાગનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને અંદરથી ૨૪૭૫ કિલો વજન ભરેલ જીરાની ૪૫ બોરીઓની ઉઠાંતરી કરીને ક્યાંક પલાયન થઈ ગયા હતા. ચોરાયેલ જીરૂના જથ્થાની કિંમત અંદાજે રૂપિયા સવા ત્રણ લાખની થવા જાય છે. આ અંગે ઊંઝા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

# મોડાસા ધનસુરા માર્ગ પર અંતીસરા નજીક મીની ટ્રકે ટક્કર મારતાં બાઈકચાલકનું મોત

મોડાસા, તા.૧૨

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના અંતીસરા ગામની નજીક મંગળવારે રાત્રે બાઈક અને મીની આયશર ટ્રક વચ્ચે અસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં મહાદેવપુરાના વીજ કર્મચારીને ગંભીર ઈજાઓ થવાથી તેનું કરૂણ મોત નિપજયું હતું.



(તસવીર : જય અમીન, મોડાસા)

ધનસુરા તાલુકાના અંતિસરા ગામની સીમમાં મંગળવારે રાત્રે મહાદેવપુરા ગામના જીતેન્દ્રસિંહ સાલુસિંહ પરમાર કે જેઓ ધનસુરા વિજ કંપનીમાં ફરજ બજાવતા હતા નોકરીનો સમય પૂર્ણ કરી ઓફીસથી પોતાના વતન તરફ બાઈક લઈને નીકળ્યા હતા. ધનસુરાથી મોડાસા માર્ગ પર અંતિસરા ગામની નજીક મીની આયશર (ટ્રક ગાડી નં. જીજે ૯ ઝેડ ૯૮૯)ના ચાલકે પૂર ઝડપે બેફામ હંકારી સામેથી આવી રહેલ બાઈક (નં. જી.જે. ૯ એ.જે. ૩૭૬૦)ને ટક્કર મારતાં બાઈક ચાલક જીતેન્દ્રસિંહ આલુસિંહ પરમારને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી જેના કારણે તેમનું ઘટના સ્થળે કરૂણ મોત નિપજયું હતું. આ અકસ્માતની જાણ ધનસુરા વિજકંપનીમાં ફરજ બજાવતા કર્મચારીઓમાં થતા શોક છવાઈ ગયો હતો જયારે મૃતકના પરિવારજનો અનો સગાસંબંધીઓને જાણ થતાં અકસ્માત સ્થળે ઉમટી પડયા હતા. આ બનાવના પગલે મૃતકના પરિવારજનોએ આક્રંદ કરી મુકતાં વાતાવરણ ગમગીન બની ગયું હતું. આ અકસ્માત અંગે માનપુર ગામના (તા. હિંમતનગર જી. સાબરકાંઠા) માધુસિંહ કોદરસિંહ મકવાણાએ ધનસુરા પોલિસ મથકે આઈશર ટ્રક ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા ધનસુરા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. બારોટે અકસ્માત સર્જી ભાગી છુટેલા આયશર ચાલકને ઝડપી લેવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# હિંમતનગર સિવિલમાં પોલીસ જાપ્તામાંથી આરોપી બારી કુદી ફરાર

## ફરાર આરોપી અને હેડ કોન્સ્ટેબલ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિમતનગરમાં આવેલી સિવિલમાંથી ગુરુવારે સવારે વડાલી પોલીસ મથકના ગુનાનો ચોરી નો આરોપી પોલીસ ના જાપ્તા માંથી નાસી જતા હિમતનગર બી ડીવીઝન પોલીસ મથકે આરોપી અને હેડ કોન્સ્ટેબલ સહીત બે વિરુદ્ધ ફરિયાદ નોધાઈ છે.

આ અંગેની વિગત એવી છે કે હિમતનગરની સબજેલમાં ૨૩ ઓક્ટોમ્બર એટલેકે સાડા ત્રણ મહિનાથી હતો .જે વડાલી તાલુકાના અસાઈ વાસણા ગામમાં રહેતો હરેશભાઈ અમૃતભાઈ ઠાકરડા જે વડાલી પોલીસ મથકમાં ચોરીના ગુનામાં પકડાયો હતો જેને હાથે ફેકચર હતું જેથી બુધવારે બપોરે ૧ વાગે સબજેલમાંથી ઓપરેશન માટે સર -તાપ સિવિલ હોસ્પિટલમાં કેદી વોર્ડ માં દાખલ કરાયો હતો.જેનું ગુરુવારે ઓપરેશન કરવાનું હતું દરમિયાન સવારે ૬ વાગેના સુમારે શૌચ ક્રિયા માટે જાપ્તા માટે ચાર ગાર્ડ પૈકી હેડ કોન્સ્ટેબલ બાબુભાઈ સોમાભાઈ ડામોર હરેશને લઈને ગયા હતા અને શૌચ ક્રિયા પૂર્ણ કરી બહાર આવ્યા બાદ ગાર્ડ ની બેદરકારીને કારણે નજર ચૂકવી સિવિલના બીજે માળ થી ૨૦ ફૂટ ઉંચે થી બારીમાંથી કુદીને નાસી ગયો હતો જેથી પોલીસે બુમાબુમ કરી હતી પરંતુ આરોપી હરેશ નાસી જવામાં સફળ રહ્યો હતો આ અંગે ગાર્ડ ધ્વારા સબજેલમાં જાણ કરવામાં આવી હતી ત્યાર બાદ સબજેલ ના સુ-ીટેડેન્ટે હિમતનગર બી ડીવીઝન પોલીસ મથકે જાણ કરતા પોલીસે આરોપી હરેશ અને તેનો ગાર્ડ બાબુભાઈ ડામોર બંને વિરુદ્ધ ગુનો નોધી ફરાર આરોપીને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

બીજી તરફ આ સિવલમાં આરોપીઓને રાખવા માટે એક વોર્ડ છે પણ આ વોર્ડ સ્ત્રીઓના વોર્ડ વચ્ચે આવેલો છે અને જયાં ૩૦ જેટલા બેડ છે અને આ તમામ વચ્ચે બે શૌચાલય છે જેમાં એક સ્ટાફ માટે છે જેને તાળું હોય છે જયારે અન્ય એક જ શૌચાલય છે જેમાં તમામ સ્ત્રીઓ અને આરોપીઓ વચ્ચે એક જ છે જેને લઈને સ્ત્રીઓ જયારે આ શૌચાલય વાપરે ત્યારે આરોપી માટે ઉપયોગ થઈ શકતો નથી કારણ કે દરવાજો એક જ છે અને આજુ બાજુ ખુલ્લી જગ્યા અને મોટી બારી છે જેથી આરોપીઓ માટે આ હિતાવહ નથી કારણ કે જયારે આરોપીને શૌચક્રિયા માટે લઈ જાય ત્યારે તેની હાથકડી ખોલવી પડે છે અને બહાર એક ગાર્ડ રહે છે અને બહાર આવ્યા બાદ હાથ ધોવા માટે પણ સગવડ નથી જેને લઈને ખલ્લી બારી માંથી ભાગી જવાનો ભય રહે છે જેને કારણે આજે એક ચોરીનો આરોપી બારી માંથી કુદીને નાસી ગયો હતો

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧